અપીલ અરજી નં.૪૬૧ તા.૨૯–૩–૧૦

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૮–૨–૧૦ ની અરજીથી (૧) નવજીવન હુન્ડાઈની બાજુની ગલીમાં આવેલ શિવઆશિષ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૩૪ થી ૩૯ માં તૈયાર થતું બાંધકામ સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ–૧ ના પ્લોટ નં.૬૪–૬૫ પર તૈયાર થયેલ બાંધકામ તથા તેની પાછળ મેગ્મો ડાઈંગ મીલનું તૈયાર થતાં બાંધકામને આપના વિભાગે વિકાસની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તે કેટલા કેટલા માળની પરમીશન આપેલી છે? (૨) ઉપરોકત બાંધકામો મંજૂર થયેલ પ્લાન મુજબ તૈયાર થાય છે કે કેમ? જો મંજૂર થયેલ પ્લાન મુજબ ના થતાં હોય તો આ બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં શી શી કાર્યવાહી કરી તેનીનકલો સહિતની વિગતો આપશો. (૩) ઉપરોકત બાંધકામો અંગેની જાણ ઝોનલ ચીફ મહેશસીંગને છે કે કેમ? જો હોય તો તઓએ આ બાંધકામધારકો વિરૂધ્ધ કઈ કઈ કાર્યવાહી કરવા અંગેનો હુકમ કર્યે તેની મહેશસીંગે કરેલ હુકમ પત્રની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૬૧/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૮–૨–૧૦ ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૧૨૦ તા.૩–૩–૧૦ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧,૨ ની માહિતી અધુરી તથા મુદ્દા નં.૩ ની માહિતી આપવામાં આવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮ તા.૬–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તથા અધૂરી માહિતીના દાવાના સમર્થનમાં આધાર રજૂ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૨–૪–૧૦ ના રોજના પત્રથી વિગત આપવામાં આવેલ છે.

અરજદારની તા.૮–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૨૦ તા.૩–૩–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં. ૧ અને ૨ની માહિતી અધૂરી તથા મુદ્દા નં.૩ ની માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ નવજીવન હુન્ડાઈની બાજુની ગલીમાં આવેલ શિવઆશિષ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૩૪ થી ૩૯ માં તૈયાર થતું બાંધકામ સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ–૧ ના પ્લોટ નં.૬૪–૬૫ પર તૈયાર થયેલ બાંધકામ તથા તેની પાછળ મેગ્મો ડાઈંગ મીલનું તૈયાર થતાં બાંધકામને આપના વિભાગે વિકાસની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તે કેટલા કેટલા માળની પરમીશન આપેલી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " મેગ્મો ડાઈંગવાળા ફા.પ્લોટ નં.૧૨૩ માં ટીડીઓ નં.૪૩૨ તા.૧૭–૭–૦૯ થી મંજુરી આપવામાં આવેલ છે. તેમજ મેગ્મો ડાઈંગવાળી જગ્યામાં પરવાનગી વિનાનું બાંધકામ ઝોન કચેરી ખાતેથી દુર કરવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે અપીલમાં અધૂરી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. (૨) ઉપરોકત બાંધકામો મંજૂર થયેલ પ્લાન મુજબ તૈયાર થાય છે કે કેમ? જો મંજૂર થયેલ પ્લાન મુજબ ના થતાં હોય તો આ બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શીવ આશિષ ઈન્ડ. સોસા.નો લે આઉટ મધ્યસ્થ કચેરીએ ટીડીઓ નં.૧૯૯ તા.૯–૧૧–૯૮ થી મંજુર થયેલ છે. જેની કોપી તથા રજાચિઠ્ઠી મેળવવા રજાચિઠ્ઠીના પાના નંગ–૨ પ્રતિ દીઠ પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– અને નકશા ૩ ના રૂા.૯૦/– મળી એકંદેર કુલ રૂા.૯૪/– ભરપાઈ કરવા જણાવેલ છે. જે અરજદારે રસીદ નં.૩૧૬૦૧૬ તા.૮–૩–૧૦ થી ભરપાઈ કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે ફી ભર્યા છતાં નકલો નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. (૩) ઉપરોકત બાંધકામો અંગેની જાણ ઝોનલ ચીફ મહેશસીંગને છે કે કેમ? જો હોય તો તઓએ આ બાંધકામધારકો વિરૂધ્ધ કઈ કઈ કાર્યવાહી કરવા અંગેનો હુકમ કર્યે તેની મહેશસીંગે કરેલ હુકમ પત્રની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી અધૂરી પૂરી પાડયાની અને મુદ્દા નં.૩ ની માહિતી નહીં પૂરી પડયાની રજૂઆત અપીલમાં કરેલ છે તથા અપીલ તબકકે ફીભર્યા બાદ ત્રણ થી ચાર વાર રજૂઆત કરેલ હોવા છતાં નકલો આપવામાં ગલ્લા તલ્લા કરતાં હોય છે તેવી રજૂઆત કરેલ છે. હકીકતનું વિશ્લેષણ કરતાં મુદ્દા નં.૧ અંગે કેટલા માળની પરમીશન આપેલ છે તે માહિતી આપ્યાનું જણાતું નથી. જયારે મુદ્દા નં.૨ અંગે મંજુર પ્લાન અંગે માહિતી આપેલ છે પરંતુ તે મુજબ થાય છે કે કેમ? અને ન હોય તો કાર્યવાહીને લગતી માહિતી આપ્યાનું જણાતું નથી. મુદ્દા નં.૩ ની માહિતી આપ્યાનું સ્પષ્ટ થતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી પૈકી ઉપરોકત જણાવેલ ફી ભર્યા છતાં નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ  માહિતી તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧  આંશિક તથા મુદ્દા નં.ર આંશિક તેમજ મુદ્દા નં.૩ પુર્ણની  દફતરી ઉપલબ્ધ  માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૪–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન.)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,